વડીલોને વંદન અભિનંદન

નયનાબેન ભરતકુમાર પાઠક
(૧૯૫૩)મો:૯૮૯૮૦૪૩૪૫૨

પક્ષ છોડીને જનારાઓની સંખ્યા વધી જાય ત્યારે આત્મચિંતનનો સમય પાકી ગયો કહેવાય : શંકરસિંહ વાઘેલા

કોંગ્રેસના સ્નેહમિલન સમારોહમાં નેતાઓ અને કાર્યકરો ઉમટયા : સ્વચ્છતા અભિયાનના બદલે દારૂ પકડવાનું સપ્તાહ ઉજવો : જગદીશ ઠાકોર : કોંગ્રેસ સ્પર્ધાત્મક પરીક્ષાઓના ઓનલાઈન ફોર્મ ભરવાના તાલીમ કેન્દ્રો ખોલશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં હાલ રાજકીય પક્ષોના સ્નેહમિલન સમારંભોની મોસમ પુરબહારમાં ખીલી છે આજે સવારે ૯.૩૦ વાગ્યાથી ટાઉનહોલ ખાતે જિલ્લા અને શહેર કોંગ્રેસનો સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડીયા, વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર અને બળેદવજી ઠાકોર સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કોંગ્રેસના આ સ્નેહમિલન સમારોહમાં ગાંધીનગર શહેર પ્રમુખ મુકેશ પટેલ સહિત ડૉ. સી.જે. ચાવડા, કામીનીબા રાઠોડ, હરિભાઈ ચૌધરી, જશુભા રાણા, જયરાજસિંહ પરમાર, રાજેન્દ્રસિંહ ચાવડા સહિતના અનેક અગ્રણી નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં. આ સમારંભમાં કોંગ્રેસના જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના પૂર્વ અને વર્તમાન પ્રમુખો, સદસ્યો, સરપંચો અને અન્ય પદાધિકારીઓ હાજર રહ્યા હતા. આ સ્નેહમિલન સમારંભમાં પ્રાસંગિક ઉદબોધન કરતા શંકરસિંહ વાઘેલાએ કાર્યકરોને જેમ ગાંધીજી કોઈને આઝાદીની ચળવળમાં જોડાવા આમંત્રણ આપતા નહોતા કે પત્ર લખતા નહોતા છતાં લાખો લોકો પોતાની અંદરની સ્ફૂરણાથી તેમની સાથે જોડાઈ જતા હતા તે રીતે પક્ષની દરેક પ્રવૃત્તિઓમાં જોડાઈ જવા હાકલ કરી હતી. તેમણે જયારે પક્ષ છોડીને જનારાઓની સંખ્યા વધી ગઈ હોય ત્યારે સંગઠનની ચિંતાનો વિષય છે અને તે માટે આત્મચિંતન કરવાનો સમય પાકી ગયો છે તેવું તેમની મૌલિક શૈલીમાં નિખાલસપૂર્વક કબુલ્યું હતું.

પૂર્વ સાંસદ જગદીશ ઠાકોરે જુસ્સાભેર ઉદબોધન કરતાં આવનારા સમયમાં યુવા મતદારોને આકર્ષવા કોંગ્રેસ દ્વારા પીએસઆઈ અને સચિવાલયની જગ્યાઓ માટેની પરીક્ષાના ઓનલાઈન ફોર્મ ભરવા માટેના તાલીમ કેન્દ્રો ખોલવામાં આવશે. તેમણે કોંગ્રેસના નબળા પ્રદર્શન માટે કાર્યકરો નહી પરંતુ નેતાગીરીની ભુલો હોવાનો સ્વીકાર કરવાની સાથે ભાજપ પર પણ આકરા પ્રહાર કર્યા હતા. તેમણે ચુંટણી સમયે ભાજપ કોમવાદ ફેલાવવામાં માહેર હોવાનો આક્ષેપ કરવાની સાથે સાથે સ્વચ્છતા અભિયાન પર કટાક્ષ કરતાં દારુ પકડવાનું સપ્તાહ ઉજવવાની જરુર વધુ હોવાનો ટોણો માર્યો હતો. ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યું હતું કે ૨૧મી સદીના મતદારોને ઓળખવામાં આપણે ઉણા ઉતર્યા છીએ પરંતુ હવે ૨૦૧૭માં રાજયમાં કોંગ્રેસની સરકાર રચાય તે માટે પ્રયત્નોમાં લાગી જવું જોઈએ.

વિજય રૂપાણીએ ધારાસભ્ય તરીકે શપથ લીધા

ગાંધીનગર, તા.૭

રાજકોટ-૨ના ધારાસભ્ય વિજયભાઈ રૂપાણીએ આજે શુભેચ્છકો અને ભાજપના આગેવાનોની ઉપસ્થિતિમાં વિધાનસભા અધ્યક્ષ સમક્ષ ભાજપના ધારાસભ્ય તરીકેના શપથગ્રહણ કર્યા હતાં.

રાજકોટ-૨ના ધારાસભ્ય તરીકે વજુભાઈ વાળાએ રાજીનામું આપતાં આ બેઠક ખાલી પડવા પામી હતી. ગત ઓકટોબરમાં યોજાયેલી વિધાનસભાની રાજકોટ-૨ બેઠકની પેટા ચુંટણીમાં ભાજપના ઉમેદવાર વિજય રૂપાણી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતાં.

આજે બપોરે વિધાનસભાના અધ્યક્ષ સમક્ષ વિજયભાઈ રૂપાણીએ ધારાસભ્ય તરીકેના શપથગ્રહણ કર્યા હતા. આ સમયે ભાજપના પ્રદેશ આગેવાનો રાજયમંત્રી મંડળના મંત્રીઓ તેમજ શુભેચ્છકોએ પુષ્પગુચ્છ અર્પણ કરીને વિજયભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

અમદાવાદમાં બાકી ટેક્સ કરદાતાની વધુ ૬૦ મિલકતો સીલ કરાઈ

અમદાવાદ, તા.૦૭

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા કેટલાંક દિવસોથી બાકી ટેક્સ કરદાતાઓ ઉપર તવાઈ હાથ ધરવામાં આવી છે.

જેમાં બાકી ટેક્સ કરદાતાઓની મિલકતને સીલ મારવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે આજરોજ ટેક્સ ખાતા દ્વારા પ્રોપર્ટી ટેક્સ રીકવરીના ભાગરૂપે દક્ષિણ ઝોનના દાણીલીમડા, આબાદ ડેરી, ઈસનપુર તથા મણીયાશા વોર્ડમાં ૧૦ મિલકતોને સીલ કરવામાં આવી છે તેમજ શહેરના મધ્ય ઝોનમાં ટેક્સ ખાસા દ્વારા માંડવીની પોળ, ગાયકવાડ હવેલી, ટંકશાળ, ઘીકાંટા, મીરઝાપુર, તાવડીપુરા, હાજીપુરા ગાર્ડન, જહાંગીરપુરા, ન્યુ કલોથ માર્કેટની ૩૨ જેટલી મિલકતોને સીલ કરવામાં આવી છે તેમજ નવા પશ્ચિમ ઝોનની સરખેજ, વસ્ત્રાપુર, જોધપુર, વેજલપુર, થલતેજ, કાળી, રાણીપ, ઘાટલોડીયા, સોલાની ૧૮ મિલકતોને સીલ કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ કાર્યવાહીને વધુ સઘન બનાવવામાં આવશે તેમજ બાકી ટેક્સ કરદાતાઓની મિલકતોને વધુ સીલ મારવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મોટેરાની મેચમાં પ્રેક્ષકો પાણીથી લઈને પોપકોર્ન બધામાં લુંટાયા

ટકે શેર ભાજી, ટકે શેર ખાજા જેવી હાલત : પાણીની બોટલ, પફ ભેળ કે આઈસ કેન્ડી હોય દરેક ૧૦-૧૫ રૂપિયાની વસ્તુના ૫૦ વસુલાયા

ગાંધીનગર, તા.૭

મોટેરા ખાતે સરદાર પટેલ ગુજરાત સ્ટેડીયમમાં ગઈ કાલે રમાયેલી ભારત અને શ્રીલંકા વચ્ચેની બીજી ડે નાઈટ વન ડે મેચ જોવા ગાંધીનગરના અસંખ્ય ક્રિકેટ પ્રેમીઓ પહોંચ્યા હતા. આ ક્રિકેટ રસિયાઓ ગુજરાત ક્રિકેટ એસોસિએશનના અણઘડ વહીવટ અને માત્ર પૈસા કમાવવાની પણ સગવડના નામે મીંડુ આપવાની નીતિનો ભોગ બન્યા હતાં.

દરેક આંતરરાષ્ટ્રિય મેચ વખતે ટિકીટોના વેચાણમાં ગેરવહીવટની બૂમો તો પડે છે પરંતુ આ વખતે તો પ્રેક્ષકો માટે પાણી અને ટોયલેટની વ્યવસ્થામાં પણ જીસીએ ખૂબ જ ઊણું ઉતર્યું હતું. જીસીએ દ્વારા પીવાના પાણીની મફત વ્યવસ્થા માત્ર નામ પુરતી હતી અને થોડીક વારમાં જ આ પાણી ખલાસ થઈ જવા પામ્યું હતું જેને કારણે ઠંડા પાણીની બોટલો વેચનારાઓને તડાકો પડી ગયો હતો અને ૧૫ રૂપિયાની એક બોટલના રૂપિયા ૫૦ પ્રેક્ષકોની લાચારીના કારણે વસુલી લેવામાં આવ્યા હતા. આ વર્ષે તો જાણે 'ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં'ની નીતિનો અમલ કર્યો હોય તેમ પાણીની બોટલ ઉપરાંત બજારમાં રૂપિયા ૧ પની કિંમતે મળતા પફ, ભેળ, પોપકોર્ન, સેન્ડવીચ જેવા નાસ્તા ના પણ ધરાર પચાસ રૂપિયા વસુલવામાં આવ્યા હતા. એટલું જ નહિ આઈસ્ક્રીમના દસ રૂપિયાના કોન અને કેન્ડી, ઠંડા પીણાના ગ્લાસના પણ પચાસ રૂપિયા જ લેવામાં આવ્યા હતા જયારે પીઝા અને બર્ગરના ૧૦૦ થી ૧૫૦ રૂપિયા વસુલવામાં આવી રહ્યા હતાં.

વન ડે મેચ હોવાથી અને ભારતની ટીમના ઉત્કૃષ્ટ પ્રદર્શનના કારણે વારંવાર ચીયરીંગ કરવાથી થાકેલાં પ્રેક્ષકોને આ લૂંટને મુંગા મોઢે સહન કર્યા વગર છુટકો રહ્યો નહતો. તો એમાં પણ ઘણા પ્રેક્ષકો તો પરિવાર સાથે આવ્યા હોઈ જેથી બાળકો પણ મોટી સંખ્યામાં સ્ટેડીયમમાં દેખાતા હતા. સુરક્ષા કર્મીઓ દ્વારા ખાણી પીણીની કોઈ ચીજો પ્રેક્ષકોની સાથે લઈ જવા દેતા નહોતા એટલે ભૂખ્યાં તરસ્યાં થયેલા બાળકો માટે પાણી અને નાસ્તો ખરીદ્યા વગર છુટકો નહોતો. પ્રેક્ષકોની આ મજબૂરીનો લાભ સ્ટોલ ધારકોએ ભરપૂર ઉઠાવ્યો હતો. અને તમામ વસ્તુઓ ખૂબ મોંઘા ભાવે વેચી તગડો નફો કર્યો હતો. એક-બે પ્રેક્ષકોએ સવાલ કર્યો તો સ્ટોલ ધારકોએ તોછડી ભાષામાં 'જે છે તે આ જ છે અને આટલો જ ભાવ છે લેવું હોય તો લો' તેવો ઉધ્ધત જવાબ આપ્યો હતો. ટોયલેટની વ્યવસ્થામાં પણ આ વખતે ખૂબ બેદરકારી હતી અને ટોયલેટ ખૂબ જ ગંદા હતા તેમજ તેમાં યુરિન ટબની પણ વ્યવસ્થા કે ફલશ વોટરની સગવડ પણ નહોતી. ગેટ નં. ૧૮ થી ૨૧ વચ્ચે માત્ર નીચે અને ઉપરના સ્ટેન્ડના એક એક જ દરવાજા ખુલ્લા રખાયા હતા જેથી વારંવાર ભીડ જામી જવાના અને પ્રેક્ષકો વચ્ચે ધક્કામુક્કી અને બોલાચાલીના બનાવો બન્યા હતાં. આમ મેચમાં ભારતના પ્રદર્શનથી ખુશ થયેલા ક્રિકેટ રસિયાઓ પૈસા ખર્ચવા છતાં ભોગવવી પડલી અગવડોના કારણે નિરાશ થયાં હતાં.

અમદાવાદના શ્રદ્ધાળુ દ્વારા સોમનાથ મંદિરમાં ૫૧ કિલો સોનું દાન કરાયું

ભગવાન સોમનાથના એક શ્રદ્ધાળુએ મંદિરમાં ૫૧ કિલો સોનું દાન કરીને પોતાનું વચન પાળ્યું છે. મંદિરના કેટલાક હિસ્સાને સોનામાં ફેરવી નાંખવાની ગણતરી સાથે આ દાન કરવામાં આવ્યું છે. અગાઉ સોનાનું ડમરુ, ત્રિશુલ, પોલ અને અન્ય ચીજવસ્તુઓ સોમનાથ મંદિરમાં દાન કરનાર આ શ્રદ્ધાળુએ હવે વધુ સોનું દાન કર્યું છે. સોમનાથ મંદિરના ગર્ભગૃહને સોનામાં ફેરવી નાંખવા માટે દાન કરવામાં આવ્યું છે. આ શ્રદ્ધાળુ પહેલાથી જ ૫૦.૫ કિલો સોનું આપી ચુક્યો છે. સોમનાથ મંદિરમાં ૫૧ કિલો સોનું આપવાનું વચન તે પાળનાર છે. છઠ્ઠી નવેમ્બર ૨૦૧૪ના દિવસે આ શ્રદ્ધાળુએ અડધા કિલો સોનું આપ્યું હતું અને હવે ૫૧ કિલો સોનું પુરુ કર્યું છે.

શબ્દાવલી - ૫૫૫૩



આડી ચાવી

૧. ઇશ્વર અલ્લાહ (૪)
૫. કિષ્કિંધા નગરીના કપિરાજા વાલીના નાનાભાઇ (૩)
૭. સોહામણું, સુંદર (૫)
૧૦. વસ્ત્રો, ડ્રેસ મટીરીયલ્સ(૩)
૧૨. રોગનો ફેલાવો, ઉપદ્રવ(૪)
૧૪. વેશ ભજવનાર કલાકાર
૧૫. મોકો, લાગ (૨)
૧૭. પ્રણાલી, રીવાજ (૨)
૨૦. તેરી... મેં હમેં રખના, આશરો (૨)
૨૨. ઊંધુ ચત્તુ થવું, ઉપર-તળે (૬)

ઊભી ચાવી

૧. ગુજરાન, આજીવિકા (૬)
૨. સફેદ કપડાને ધોઇને... ના વાદળી પાણીમાં ઝબોળાય (૨)
૩. વા... ને વાદળ ઉમટ્યા(૨)
૪. માથુ ટેકવવું કે નમાવવું(૩)
૬. ડોક (૨)
૮. ખાનગી (૩)
૯. એકવેલ, અમરવેલ (૨)
૧૧. સોનું, સુવર્ણ (૩)
૧૩. સેવા-સારવાર (૩)
૧૬. જેના મા-બાપ કે કોઇ વાલી ના હોય તેવું (૩)
૧૮. તૃષા, પ્યાસ (૩)
૧૯. સંગાથ (૨)
૨૦. 'પાપ' શબ્દ ઊંધો છે (૨)
૨૧. સમાધાન, ઉપાય, સમસ્યા કા... (૨)

શબ્દાવલી ૫૫૫૨ના જવાબ

આડી ચાવી :- (૧) ખુનામરકી (૫) બાપા (૭) શાક (૮) બર્તન (૧૧) નકારવું (૧૩) તકરદી (૧૫) મુઢ (૧૬) સાપણ (૧૮) શિયળ (૧૯) તુકારો (૨૦) તાપણી (૨૨) તમસ (૨૩) ગરમાળો

ઊભી ચાવી :- (૧) ખુશામત (૨) નાક (૩) રબ (૪) કીર્તન (૬) પારેવું (૯) નકામુ (૧૦) પરસાળ (૧૨) રઢ (૧૪) દીપ (૧૭) પારો (૧૮) શિફત (૧૯) તુણીર (૨૧) પગ

દબાણમુક્ત બનાવાશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જાહેર સ્થળોએ નિયત સત્તાઅધિકારીની મંજુરી વિના, ગેરકાયદે લગાવેલા હોર્ડિંગ, બેનર, પોસ્ટર પણ તાત્કાલિક રીતે દુર કરવાની જિલ્લા કલેકટરશ્રીએ સુચના આપી હતી. સાથે જ તમામ સરકારી કચેરીઓમાં નોટીસબોર્ડ હોય તેની કાળજી લેવા અધિકારીઓને જણાવ્યું હતું. વન ખાતા, માર્ગ- મકાન વિભાગ, અન્ય સરકારી જગ્યાએ થયેલા દબાણો દુર કરવા પણ તેમણે તાકીદ કરી હતી.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાને તાજેતરમાં ચિલોડા સર્કલ તથા અન્ય વિસ્તારોની તેમણે લીધેલી મુલાકાત અને ત્યાં ચલાવેલી સ્વચ્છતા ઝુંબેશને અનુલક્ષીને જણાવ્યું હતું કે, આપણે સામુહિક રીતે સાથે મળીને સ્વચ્છતાનું વાતાવરણ રચવાનું છે. ચિલોડા સર્કલ તથા આસપાસના વિસ્તારો, રસ્તાઓ, શોપિંગ સેન્ટર, પેટ્રોલપંપ, શાકભાજી વેચનારા, હોટલ- રેસ્ટોરન્ટ વગેરે જગ્યાએ ખૂબ ગંદકી હતી, તે કડક હાથે કામ લઈને દુર કરવાની છે.

મ્યુનિસિપલ કમિશનર શ્રી જી. આર. ચૌધરીએ ગાંધીનગર મ્યુનિસિપલ સમગ્ર વિસ્તારમાં સંપૂર્ણપણે સ્વચ્છતા જળવાય, ગંદકી ઉભી ન થાય, નાગરિકો ડોર ટુ ડોર કચરા નિકાલ વ્યવસ્થાનો યોગ્ય ઉપયોગ કરે, રખડતા - મૃત ઢોરના નિકાલ માટેની વ્યવસ્થાનો લોકો ઉપયોગ કરે, પ્લાસ્ટિક અને અન્ય સુકો-ભીનો કચરો - બન્ને કચરા જુદી રીતે તારવીને આપે તે મુદ્દાઓ અંગે સબંધિત અધિકારીઓને સુચના આપી હતી. સાથે જ મહાનગરપાલિકા દ્વારા ટુંક સમયમાં ઘેરઘેર અપાનાર ડસ્ટબીન અંગેની પણ વાત કરી હતી. આ બેઠકમાં જિલ્લાના વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેર નિવિદા નં. ૨ સને ૨૦૧૪-૧૫

આથી કાર્યપાલક ઈજનેરશ્રી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ ચેનલ વિભાગ નં.૧, દુર્ગા ઓઈલ મીલ પાછળ, સિંચાઈ ભવન, છાપરીયા રોડ, હિંમતનગર. પીન નં. ૩૮૩૦૦૧. ટેલીફોન નંબર : ૦૨૭૭૨-૨૪૬૬૭૧ દ્વારા સ્ટેશનરી તેમજ ડ્રોઈંગ સ્ટેશનરી પુરી પાડવા ઈચ્છતા ઈસમો પાસેથી ભાવ માંગવામાં આવે છે. કોરા ટેન્ડર ઈસ્યુ કરવાની અંતિમ તા. ૧૫-૧૧-૨૦૧૪ અને ભરેલ ટેન્ડર રજી.પો.એ.ડી.થી પરત લેવાની તા. ૨૫-૧૧-૨૦૧૪ છે. સદર સ્ટેશનરી અંગે કોરા ટેન્ડર અને અન્ય વિગતો માટે કચેરીના કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાની મળી શકશે.

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૨૮૧/૨૦૧૪

Gujarat State Petronet Limited

Corporate Identity Number: L40200GJ1998SGC035188
Regd Office: GSPC Bhavan, Sector - 11, Gandhinagar - 382 010. Tel.: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com, Email: investors.gspl@gspc.in

Part I — STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH SEPTEMBER 2014 (Rs. in Lakhs)

Sr. No.	Particulars	Standalone Results					
		3 months ended			Half year ended		Year ended
		30.09.2014 (Unaudited)	30.06.2014 (Unaudited)	30.09.2013 (Unaudited)	30.09.2014 (Unaudited)	30.09.2013 (Unaudited)	31.03.2014 (Audited)
1.	**Income from Operations**						
	a) Net Sales/Income from Operations	35,103.22	23,043.83	27,695.41	58,147.05	57,301.46	104,733.23
	b) Other Operating Income	84.40	46.75	47.50	131.15	117.50	336.00
	c) Total Income from Operations	**35,187.62**	**23,090.58**	**27,742.91**	**58,278.20**	**57,418.96**	**105,069.23**
2.	**Expenses**						
	a) Employee benefit expenses	704.21	760.98	515.55	1,465.19	1,189.50	2,871.17
	b) Depreciation & amortisation expense	4,656.56	4,693.76	4,697.96	9,350.32	9,274.98	18,387.02
	c) Operation & Maintenance expense	1,413.05	1,797.97	1,541.57	3,211.02	3,082.74	6,713.76
	d) Other expenses	675.84	491.82	556.77	1,167.66	1,038.80	2,601.52
	e) Total expenses	**7,449.66**	**7,744.53**	**7,311.85**	**15,194.19**	**14,586.02**	**30,573.47**
3.	**Profit/(Loss) from operations before other income, finance cost and exceptional items (1-2)**	**27,737.96**	**15,346.05**	**20,431.06**	**43,084.01**	**42,832.94**	**74,495.76**
4.	Other Income	1,433.37	1,302.12	1,360.31	2,735.49	2,675.47	5,518.51
5.	**Profit/(Loss) from ordinary activities before finance cost & exceptional items (3+4)**	**29,171.33**	**16,648.17**	**21,791.37**	**45,819.50**	**45,508.41**	**80,014.27**
6.	Finance costs	3,072.37	3,205.72	3,670.72	6,278.09	7,469.11	14,184.77
7.	**Profit/(Loss) from ordinary activities after finance cost but before exceptional items (5-6)**	**26,098.96**	**13,442.45**	**18,120.65**	**39,541.41**	**38,039.30**	**65,829.50**
8.	Exceptional Items	-	-	-	-	-	-
9.	**Profit/(Loss) from ordinary activities before tax (7+8)**	**26,098.96**	**13,442.45**	**18,120.65**	**39,541.41**	**38,039.30**	**65,829.50**
10.	Tax Expense	9,151.82	4,942.68	6,714.28	14,094.50	14,005.84	23,914.72
	-Income Tax	8,567.49	4,458.48	5,822.43	13,025.97	12,276.53	20,559.02
	-Deferred Tax	584.33	484.20	891.85	1,068.53	1,729.31	3,355.70
11.	**Net Profit /(Loss) from ordinary activities after tax (9-10)**	**16,947.14**	**8,499.77**	**11,406.37**	**25,446.91**	**24,033.46**	**41,914.78**
12.	Extraordinary Items (net of tax expenses)	-	-	-	-	-	-
13.	**Net Profit/(Loss) for the period (11-12)**	**16,947.14**	**8,499.77**	**11,406.37**	**25,446.91**	**24,033.46**	**41,914.78**
14.	Paid-up Equity Share Capital (face value of Rs. 10/- each)	56,276.57	56,274.00	56,273.09	56,276.57	56,273.09	56,273.87
15.	Reserves excluding revaluation reserves as per balance sheet of previous accounting year	-	-	-	-	-	273,209.17
16i.	Earnings per share(EPS) before Extraordinary items						
	a) Basic EPS(Rs.)	3.01	1.51	2.03	4.52	4.27	7.45
	b) Diluted EPS(Rs.)	3.01	1.51	2.03	4.52	4.27	7.45
	(face value of Rs. 10/- each)	(not annualised)	(not annualised)	(not annualised)	(not annualised)	(not annualised)	
16ii.	Earnings per share(EPS) after Extraordinary items						
	a) Basic EPS(Rs.)	3.01	1.51	2.03	4.52	4.27	7.45
	b) Diluted EPS(Rs.)	3.01	1.51	2.03	4.52	4.27	7.45
	(face value of Rs. 10/- each)	(not annualised)	(not annualised)	(not annualised)	(not annualised)	(not annualised)	

Part II — SELECT INFORMATION FOR QUARTER ENDED 30TH SEPTEMBER 2014

Sr. No.	Particulars	3 months ended			Half year ended		Year ended
		30.09.2014	30.06.2014	30.09.2013	30.09.2014	30.09.2013	31.03.2014
A	**Particulars of Shareholding**						
1.	Public Shareholding						
	- Number of Shares	350,460,443	350,434,682	350,425,660	350,460,443	350,425,660	350,433,425
	- Percentage of Shareholding	62.27%	62.27%	62.27%	62.27%	62.27%	62.27%
2.	Promoters and Promoter Group Shareholding						
	a) Pledged / Encumbered						
	- Number of shares	Nil	Nil	Nil	Nil	Nil	Nil
	- Percentage of shares (as a % of the total shareholding of Promoter and Promoter group)	Nil	Nil	Nil	Nil	Nil	Nil
	- Percentage of shares (as a % of the total share capital of the Company)	Nil	Nil	Nil	Nil	Nil	Nil
	b) Non - encumbered						
	- Number of shares	212,305,270	212,305,270	212,305,270	212,305,270	212,305,270	212,305,270
	- Percentage of shares (as a % of the total shareholding of the Promoter and Promoter group)	100.00%	100.00%	100.00%	100.00%	100.00%	100.00%
	- Percentage of shares (as a % of the total share capital of the Company)	37.73%	37.73%	37.73%	37.73%	37.73%	37.73%

Sr.No.	Particulars	3 months ended 30.09.2014
B	**Investor Complaints**	
	Pending at the beginning of the quarter	0
	Received during the quarter	198
	Disposed of during the quarter	198
	Remaining unresolved at the end of the quarter	0

SEGMENT-WISE REVENUE, RESULTS AND CAPITAL EMPLOYED FOR THE QUARTER ENDED 30TH SEPTEMBER 2014 (Rs. in Lakhs)

Sr. No.	Particulars	Standalone Results					
		3 months ended			Half year ended		Year ended
		30.09.2014 (Unaudited)	30.06.2014 (Unaudited)	30.09.2013 (Unaudited)	30.09.2014 (Unaudited)	30.09.2013 (Unaudited)	31.03.2014 (Audited)
1.	**Segment Revenue (Net Sales / Income)**						
	A. Gas Transportation	33,965.78	21,792.89	26,579.89	55,758.67	55,008.50	101,668.23
	B. Sale of Electricity	1,247.18	1,389.84	1,209.66	2,637.02	2,496.45	3,802.15
	Total	35,212.96	23,182.73	27,789.55	58,395.69	57,504.95	105,470.38
	Less: Inter-Segment Revenue	-	-	-	-	-	-
	Sales / Income from Operations	**35,212.96**	**23,182.73**	**27,789.55**	**58,395.69**	**57,504.95**	**105,470.38**
2.	**Segment Results:**						
	Profit/(Loss) before Interest & Tax						
	A. Gas Transportation	28,220.71	15,603.94	20,688.27	43,824.65	43,354.44	77,095.98
	B. Sale of Electricity	497.37	691.39	374.81	1,188.76	840.10	612.35
	Total	**28,718.08**	**16,295.33**	**21,063.08**	**45,013.41**	**44,194.54**	**77,708.33**
	Less: (i) Interest & Financial Charges	3,072.37	3,205.72	3,670.72	6,278.09	7,469.11	14,184.77
	(ii) Other Un-allocable Expenditure	954.76	857.13	585.38	1,811.89	1,275.62	2,811.36
	Add: (iii) Other Un-allocable Income	1,408.01	1,209.97	1,313.67	2,617.98	2,589.49	5,117.30
	Total Profit before Tax	**26,098.96**	**13,442.45**	**18,120.65**	**39,541.41**	**38,039.30**	**65,829.50**
3.	**Capital Employed:**						
	(Segment Assets Less Segment Liabilities)						
	A. Gas Transportation	387,383.36	385,144.51	379,913.81	387,383.36	379,913.81	381,168.21
	B. Sale of Electricity	17,210.12	18,301.93	20,435.24	17,210.12	20,435.24	18,423.89
	C. Un-allocable	131,921.13	120,727.58	105,087.13	131,921.13	105,087.13	114,797.14
	Total	**536,514.61**	**524,174.02**	**505,436.18**	**536,514.61**	**505,436.18**	**514,389.24**

STANDALONE STATEMENT OF ASSETS AND LIABILITIES: (Rs. in Lakhs)

Sr. No.	Particulars	Standalone Results	
		As at 30.09.2014 (Unaudited)	As at 31.03.2014 (Audited)
A	**EQUITY AND LIABILITIES**		
1.	Shareholders' Funds:		
	a) Share Capital	56,276.57	56,273.87
	b) Reserves & Surplus	298,490.44	273,209.17
		354,767.01	329,483.04
2.	Share application money pending allotment	12.23	-
3.	Non-current liabilities		
	a) Long-term borrowings	83,867.04	103,650.63
	b) Deferred tax liabilities(net)	43,093.17	42,024.66
	c) Other long-term liabilities	2,301.79	2,395.67
	d) Long-term provisions	542.80	416.87
		129,804.80	148,487.83
4.	Current liabilities		
	a) Trade payables	1,012.17	1,515.20
	b) Other current liabilities	74,318.05	54,061.83
	c) Short-term provisions	3,616.52	6,730.48
		78,946.74	62,307.51
	Total Equity and Liabilities	**563,530.78**	**540,278.38**
B	**ASSETS**		
1.	Non-current assets		
	a) Fixed Assets	382,497.70	381,544.48
	b) Non-current investments	63,565.45	58,497.07
	c) Long term loans and advances	22,620.66	13,548.93
	d) Other non-current assets	890.73	73.16
		469,574.54	453,663.64
2.	Current assets		
	a) Inventories	9,325.95	6,941.29
	b) Trade receivables	20,451.90	24,901.31
	c) Cash and cash equivalents	60,678.47	49,921.85
	d) Short-term loans and advances	2,626.39	3,392.34
	e) Other current assets	873.53	1,457.95
		93,956.24	86,614.74
	Total Assets	**563,530.78**	**540,278.38**

Notes:
1 The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors in their meetings held on 7th November, 2014.
2 Segment Revenue includes Other Income which is directly attributable to each segment.
3 The statutory auditors have carried out a limited review of above results.
4 During the quarter, the Company has allotted 17,975 equity shares of Rs. 10 each to the eligible employees pursuant to GSPL ESOP Plan 2005 and 7,786 equity shares of Rs. 10 each to the eligible employees pursuant to GSPL ESOP Plan 2010.
5 During the quarter, PNGRB has issued revised zonal tariff order. The same has been implemented w.e.f. 27th July 2012 as per terms of Order.
6 The Gas volumes transported are as follows: (in MMSCM)

Year/period	Qtr 1	Qtr 2	Total
Financial Year 2014-15	2023.44	2226.92	4250.36
Financial Year 2013-14	2015.37	1946.76	3962.13

7 The figures for the corresponding previous periods have been restated / regrouped, wherever necessary, to make them comparable.

Place: Gandhinagar
Date: 7th November, 2014

For, Gujarat State Petronet Limited
Atanu Chakraborty, IAS
Managing Director